GJAR010010812019

| | | | |
|---|---|---|---|
| રજૂ તારીખ | ૧૫/૧૦/૨૦૧૭ | | |
| દાખલ તારીખ | ૧૫/૧૦/૨૦૧૭ | | |
| ફેંસલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૮ | ૦૯ | ૧૫ |

**ના. સુપ્રીમ કોર્ટના SUO MOTO Writ (Cri) No. (s) 1/2017 તથા ક્રિમીનલ મેન્યુઅલના ચેપ્ટર–VI ના 179A અન્વયેના નોટીફીકેશન નંબર: સી–૨૦૦–૯૩, તા. ૨૦/૫/૨૦૨૨ ના ઠરોલ પ્રફોર્મા મુજબ.**

**FORM-A**

## અરવલ્લીના મે. બીજા એડી. સેસન્સ જજ સાહેબશ્રીની અદાલત સમક્ષ, મુકામ:– મોડાસા.

સુનિલ મનહરભાઈ કામદાર,
૨[જા] એડી. સેસન્સ જજ,
અરવલ્લી@ મોડાસા.
ચુકાદાની તારીખ:– ૩૦/૦૭/૨૦૨૬

સેસન્સ કેસ નંબર:–૪૧/૨૦૧૯ ની સાથે
સેશન્સ કેસ નં.૨૩/૧૯
(બાયડ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર. નં.૧૪/૨૦૧૭
ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૯૫, ૩૬૪(ક), ૩૬૮, ૩૮૬, ૧૨૦બી)

**આંક:–**

## એફ. આઈ. આર.ની વિગતો/ ગુના અને પોલીસ સ્ટેશન::–

| | |
|---|---|
| ફરીયાદી | શ્રી સરકાર |
| ફરીયાદી વિ. એ .પી. પી.શ્રી | આર. જે. ભાટી |
| આરોપી ઓ | સેશન્સ કેસ નં.૪૧/૧૯ ના આરોપીઓ<br>(૧) કિશનકુમાર પુનમભાાઈ પરમાર<br>રહે.વાલાની મુવાડી,, તા.બાયડ, જી.અરવલ્લી<br>(૨) સંજયકુમાર કાંતીભાઈ પરમાર<br>રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી<br>(૩) મનીષકુમાર પ્રતાપભાઈ પરમાર<br>રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી<br>(૪) કાંતીભાઈ વરદાજી વણઝારા |

| | |
|---|---|
| | રહે.વાત્રક, ઈન્દીરાનગર, તા.બાયડ, જી.અરવલ્લી<br>(૫) મંથનકુમાર ચિમનભાઈ પટેલ<br>રહે.બાયડ, ઉમા કોલ્ડ સ્ટોરેજ, તા.બાયડ, જી.અરવલ્લી<br>(૬) અલ્પેશભાઈ રમેશભાઈ ઠાકોર<br>રહે.દખણેશ્વર, તા.બાયડ, જી.અરવલ્લી<br>(૭) અપીયો ઉર્ફે શાંતિલાલ વિરાજી મારવાડી<br>રહે.બાયડ, ભુખેલ રોડ, તા.બાયડ, જિ.અરવલ્લી<br>સેશન્સ કેસ નં.૨૩/૧૯ ના આરોપીઓ<br>(૧) જીતુભાઈ ગુણવંતભાઈ બારોટ<br>રહે.બાયડ, ગોકુલેશ સોસાયટી, તા.બાયડ, જી.અરવલ્લી.<br>(૨) બળવંતભાઈ બાલુભાઈ પરમાર<br>રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી |
| આરોપી ઓ નાં વકીલશ્રી | સેશન્સ કેસ નં.૪૧/૧૯ ના આરોપી નં. ૧,૨,૩, ૫, ૬ ના વિ.વ.શ્રી એન.પી.બારોટ તથા આરોપી નં.૪ અને ૭ ના વિ.વ.શ્રી બી.એન.મારવાડી<br>સેશન્સ કેસ નં.૨૩/૧૯ ના આરોપી નં. ૧ ના વિ.વ.શ્રી એમ.જે.રબારી તથા આરોપી નં.૨ ના વિ.વ.શ્રી એન.પી.બારોટ |

## FORM - B

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ:- | ૧૫/૦૨/૨૦૧૭ |
| એફ.આઈ. આરની તારીખ:- | ૧૬/૦૨/૨૦૧૭ |
| ચાર્જશીટની તારીખ | ૦૫/૧૦/૨૦૧૭ |
| ચાર્જ ફરમાવ્યા તારીખ | ૦૫/૦૧/૨૦૨૧ |
| પુરાવો શરૂ કર્યા તારીખ | ૨૩/૧૧/૨૦૨૨ |
| હુકમ માટે રાખવામાં આવેલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| હુકમ તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | -- |

## Accused Details:

| આરોપી નો ક્રમ | આરોપીનું નામ | ધરપકડ તારીખ | જામીન મુકત કર્યા તારીખ | ગુનો | નિર્દોષ છોડવામાં આવ્યા કે કસુરવાર ? | શું સજા કરી? | ક્રિ.પ્રો.કોની ક: -૪૨૮ મુજબ કાચા કામ તરીકે સમયગાળાની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સેશન્સ કેસ નં.૪૧ /૧૯ ના આરોપીઓ (૧) કિશનકુમાર પુનમભાઈ પરમાર | ૧૬/૦૨/૨૦૧૭ | ૧૦/૦૩/૨૦૧૭ | ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૯૫, ૩૬૪(ક), ૩૬૮, ૩૮૬, ૧૨૦બી) | નિર્દોષ | -- | -- |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| 2 | રહે.વાલાની મુવાડી,, તા.બાયડ, જી.અરવલ્લી | | | | | | |
| 3 | (૨) સંજયકુમાર કાંતીભાઈ પરમાર રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી | ૧૬/૦૨/૨૦૧૭ | ૧૦/૦૩/૨૦૧૭ | | | | |
| | (૩) મનીષકુમાર પ્રતાપભાઈ પરમાર રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી | ૧૬/૦૨/૨૦૧૭ | ૧૦/૦૩/૨૦૧૭ | | | | |
| | (૪) કાંતીભાઈ વરદાજી વણઝારા રહે.વાત્રક, ઈન્દીરાનગર, તા.બાયડ, જી.અરવલ્લી | ૧૬/૦૨/૨૦૧૭ | ૧૦/૦૩/૨૦૧૭ | | | | |
| | (૫) મંથનકુમાર ચિમનભાઈ પટેલ રહે.બાયડ, ઉમા કોલ્ડ સ્ટોરેજ, તા.બાયડ, જી.અરવલ્લી | ૧૭/૦૨/૨૦૧૭ | ૧૫/૦૩/૨૦૧૭ | | | | |
| | (૬) અલ્પેશભાઈ રમેશભાઈ ઠાકોર રહે.દખણેશ્વર, તા.બાયડ, જી.અરવલ્લી | ૦૮/૦૪/૨૦૧૭ | ૧૮/૦૪/૨૦૧૭ | | | | |
| | (૭) અપીયો ઉર્ફે શાંતિલાલ વિરાજી મારવાડી રહે.બાયડ, ભુખેલ રોડ, તા.બાયડ, જિ.અરવલ્લી | ૧૦/૦૪/૨૦૧૭ | ૧૮/૦૪/૨૦૧૭ | | | | |
| | સેશન્સ કેસ નં .૨૩/૧૯ ના આરોપીઓ | | | | | | |
| | (૧) જીતુભાઈ ગુણવંતભાઈ બારોટ રહે.બાયડ, ગોકુલેશ સોસાયટી, તા.બાયડ, જી.અરવલ્લી. | ૨૦/૦૬/૨૦૧૮ | ૦૨/૦૭/૨૦૧૮ | | | | |
| | (૨) બળવંતભાઈ બાલુભાઈ પરમાર રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી | ૨૧/૦૬/૨૦૧૮ | ૦૨/૦૭/૨૦૧૮ | | | | |

## FORM-C

**ફરીયાદ પક્ષ, બચાવ પક્ષ અને કોર્ટના સાહેદોનું લીસ્ટ:–**

**(એ) ફરીયાદ પક્ષ તરફે:–**

**–:: ફરીયાદ પક્ષનો મૌખીક પુરાવો::–**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| ૧ | વીરાભાઈ ધુળાભાઈ સલાટ | પંચ | ૩૦ |
| ૨ | કરશનભાઈ જીવાભાઈ વણકર | પંચ | ૩૩ |
| ૩ | જીગરભાઈ જંયતીભાઈ બારોટ | ફરીયાદી | ૪૧ |
| ૪ | અજીતભાઈ કાંહ્યાભાઈ ઝાલા | પંચ | ૫૨ |
| ૫ | અજીતભાઈ કાંહ્યાભાઈ ઝાલા | પંચ | ૬૧ |
| ૬ | અશોકભાઈ બાબુભાઈ મારવાડ | પંચ | ૭૯ |
| ૭ | રાયસીંગભાઈ ભાથીભાઈ ઝાલા | પંચ | ૮૧ |
| ૮ | દેવુસિંહ હાલુસિંહ | પોલીસ સાહેદ | ૮૪ |
| ૯ | મુકેશભાઈ કાન્તીભાઈ | પોલીસ સાહેદ | ૮૫ |
| ૧૦ | જગદીશભાઈ મફતભાઈ બારોટ | સાહેદ | ૧૦૮ |
| ૧૧ | સામંતભાઈ અજમેલભાઈ સોલંકી | સાહેદ | ૧૧૦ |
| ૧૨ | લાલભાઈ રાધાભાઈ ઝાલા | સાહેદ | ૧૧૧ |
| ૧૩ | મનુભાઈ કોદરભાળ રાવળ | સાહેદ | ૧૧૩ |
| ૧૪ | દશરથભાઈ હીરાભાઈ વાળંદ | સાહેદ | ૧૧૪ |
| ૧૫ | અમરતભાઈ હીરાભાઈ વાળંદ | સાહેદ | ૧૧૫ |
| ૧૬ | પરેશભાઈ ડાહ્યાભાઈ વાળંદ | સાહેદ | ૧૧૬ |
| ૧૭ | પંકજભાઈ જગાભાઈ પ્રજાપતિ | સાહેદ | ૧૨૪ |
| ૧૮ | મહેશભાઈ શંકરભાઈ પ્રજાપતિ | સાહેદ | ૧૨૫ |
| ૧૯ | કલ્પેશભાઈ પરશોત્તમભાઈ પટેલ | સાહેદ | ૧૨૬ |
| ૨૦ | સુરેશભાઈ હીરાભાઈ પટેલ | સાહેદ | ૧૨૭ |
| ૨૧ | ર્ડા.નિગાહ મુસ્તુફાભાઈ મનસુરી | મેડીકલ ઓફીસર | ૧૩૧ |
| ૨૨ | અજીતસિંહ ગુલાબસિંહ ચૌહાણ | પી.એસ.ઓ. | ૧૩૩ |
| ૨૩ | અશોકભાઈ સોમાભાઈ પટેલ | ત.ક.અમલદાર | ૧૩૫ |

**(બી) બચાવ પક્ષ તરફે:–**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

**(સી) કોર્ટ સાહેદો તરફે:–**

| અ. નં. | સાહેદનું નામ: | વિગત | આંક |
|---|---|---|---|
| – | – | – | – |

### ફરીયાદ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામુ | ૩૧ |
| ૨ | પંચનામુ | ૩૨ |
| ૩ | ફરીયાદ | ૪૨ |
| ૪ | પંચનામુ | ૫૩ |
| ૫ | પંચનામુ | ૬૨ |
| ૬ | પંચનામુ | ૮૦ |
| ૭ | મેડીકલ સર્ટી | ૧૩૨ |
| ૮ | સ્ટેશન ડાયરીની નકલ | ૧૩૪ |
| ૯ | એફ.એસ.એલ.નો સ્થળ પરીક્ષણ અહેવાલ | ૧૩૬ |
| ૧૦ | ડી.એફ.એસ.કોલ ફોર્મ | ૧૩૭ |
| ૧૧ | કોલ ડીટેઈલ્સ ફોર્મ | ૧૩૮ |
| ૧૨ | સી.ડી.આર. રીપોર્ટ | ૧૩૯ થી ૧૪૧ |
| ૧૩ | સુચિપત્ર | ૧૪૨ |
| ૧૪ | સારવાર સર્ટી મેળવવા કરેલ યાદી | ૧૪૩ |
| ૧૫ | મો.સા. કબજે કર્યા અંગેનુ પંચનામુ | ૧૪૪ |

### બચાવ પક્ષ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

### કોર્ટ તરફે આંકે પડેલા દસ્તાવેજી પુરાવાઓ:–

| અ. નં. | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| –– | –– | –– |

### મુદ્દામાલની વિગત::–

મુદ્દામાલ પાવતી નં.:–૧૫/૧૭

| અ. નં. | આર્ટીકલ નંબર: | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક લાલ કલરનુ ટીશર્ટ આગળના ભાગેથી અડધી ફાટેલ છે તેના |

| | | |
|---|---|---|
| | | ઉપર લોહીના પૃથક પૃથક ડાઘ પડેલ છે તે કાપડની થેલીમા શીલબંધ |
| | ૨ | એક વાદળી કલરનુ જીન્સ પેન્ટ ચેઈન વાળુ જેના ઉપર પૃથક પૃથક જગ્યાએ લોહીના ડાઘ પડેલ છે તે કાપડની થેલીમા શીલબંધ |
| | ૩ | એક વાદળી કલરનુ ચેઈન વાળુ સ્વેટર જે કાપડની થેલીમા શીલબંધ છે તે. |

મુદ્દામાલ પાવતી નં.:–૧૬/૧૭

| અ. નં. | આર્ટીકલ નંબર: | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | આરોપી કિશનકુમાર પુનમભાઈ પરમાર પાસેથી એક એકસીલીયોન કંપનીનો સફેદ કલરનો બે સીમકાર્ડ વાળો મોબાઈલ જેમા એક સીમકાર્ડ નંબર ૮૭૩૫૮૯૭૮૩૨ તથા બીજુ આઈડીયા કંપનીનુ સીમકાર્ડ તુટેલ છે તે. |
| | ૨ | એક સેમસંગ કંપનીનો કાળા કલરનો મોબાઈલ ફોન જેનો સીમકાર્ડ નંબર ૭૬૨૧૮૪૦૯૧૩ નો છે તે |
| | ૩ | આરોપી સંજયકુમાર કાન્તીભાઈ પરમારના અંગકબજામાથી એક નોકીયા કંપનીનો ગોલ્ડન કલરનો ફોન મળી આવેલ છે જેનો સીમકાર્ડ નંબર(૧) ૯૦૯૯૫૫૬૩૯૩ તથા (૨) ૯૫૩૭૯૦૬૨૯૩ નો છે તે |
| | ૪ | એક ટી.વી.એસ.કંપનીનુ અપાચે મો.સા. સીલ્વર કલરનુ જેનો રજી નં.જી.જે.૩૧ ઈ ૧૭૦૪ નો છે તે |
| | ૫ | આરોપી મનીષકુમાર ઉર્ફે મીનેષ પ્રતાપભાઈ પરમારના કબજામાથી એક કાળા કલરનો માઈક્રોમેકસ કંપનીનો મોબાઈલ મળેલ છે જેનો સીમકાર્ડ નંબર ૯૯૦૯૫૭૪૮૭૦ નો છે તે |
| | ૬ | એક સફેદ કલરનો ટચ સ્ક્રીન વાળો સેમસંગ કંપનીનો મોબાઈલ જેનો સીમકાર્ડ નંબર ૮૭૫૮૬૨૭૪૧૦ નો છે તે |
| | ૭ | એક યુનીયન બેંકનુ એ.ટી.એમ.કાર્ડ જેના ઉપર જગદીશ પુરી લખેલ છે તે |
| | ૮ | એક ગાડી નંબર જી.જે.૬ બી એલ. ૬૫૩૦ ની આર.સી.બુક જેના ઉપર સરનામુ નારાયણ રંગાસ્વામી રહે.ચોથો માળ, ખુશ્બુ કોર્નર, અલ્કાપુરી વડોદરા લખેલ છે તે. |
| | ૯ | આરોપી કાન્તીભાઈ વરદાજી વણઝારાની પાસેથી એલ.વાય.એફ.કંપનીનો સીલ્વર કલરનો મોબાઈલ મળી આવેલ છે જેનો સીમકાર્ડ નંબર ૯૮૯૮૦૧૫૯૩૭ નો છે તે. |
| | ૧૦ | એક હીરો પેશન પ્રો કંપનીનુ વાદળી કલરનુ મો.સા. પટ્ટીવાળુ જે નંબર વગરનુ છે જેનો ચેચીસ નં.MBLHA/OBSGHLO/379 છે તે |

મુદ્દામાલ પાવતી નં.:–૧૭/૧૭

| અ. નં. | આર્ટીકલ નંબર: | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક લાકડાની ઘોડીના ચાર ટુકડા એક કાપડની થેલીમા શીલબંધ છે તે |

મુદ્દામાલ પાવતી નં.:–૩૧/૧૭

| અ. નં. | આર્ટીકલ નંબર: | મુદ્દામાલની વિગત |
|---|---|---|
| ૧ | ૧ | એક હીરો સ્પ્લેન્ડર પ્લસ મો.સા. જેનો રજી નં.જી.જે.૩૧ સી ૮૮૧૪ નો છે તે |

::: ઠ રા વ :::

(૧) આ કામના ફરીયાદીની ટુંકમા ફરીયાદ હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી તા. ૦૫/૦૨/૨૦૧૭ ના રોજ નડીયાત ખાતે સામાજીક કામ હોવાથી સાંજના પાંચેક વાગ્યાના અરસામાં તેમની કાળા કલરની હયુન્ડાઈ એસેન્ટ ગાડી નંબર:– જી. જે. ૬ બી. એ.લ. ૬૫૩૦ ની લઈ નડીયાદ જવા સારૂ નીકળેલ અને છ વાગ્યાના સુમારે નડીયા પહોચી અને ત્યાં કામ પુરુ કરી પોતાના વતન વકતાપુર જાવનું હોવાથી, નડીયાથી પોણા સાતેક વાગ્યાના અરસામાં તેમની ગાડી લઈ કપડવંજ થઈ ડેમાઈ થઈ બાયડ આશરે પોણા નવેક વાગ્યાના અરસામાં પહોચેલ અને ત્યાં બાયડ ખાતે બસ સ્ટેન્ડ આગળ ફરીયાદીએ તેમની ગાડી ઉભી કરેલ અને તે સમયે એક માણસ તેમની પાસે આવેલ અને ફરીયાદીને કહેલ કે, '' મને વાત્રકસુધી બેસાડતા જાવ'' તેવી વાત કરતા ફરીયાદીએ તેમની ગાડીમાં આ ઈસમને બેસાડી દીધેલ અને ફરીયાદએ તેમની ગાડી હંકારી વાત્રક નજીક જતા તેમની સાથેના ઈસમે આ ગાડી ડાબી બાજુ રસ્તામાં સ્ભી રખાવેલ અને ગાડી ઉભી રાખતા નજીકમાંથી બીજા સાતેક માણસો આવી ગયેલ અને ફરીયાદને ગાડીમાંથીખેંચી નીચે ઉતારી અને ઉચો કરી અંધારામાં લઈ ગયેલ અને તે પછી તેમનામાીથી એક માણસે ફરીયાદની ગાડીની ચાવી જુટવી લઈ અને ફરીયાદની ગાડી લઈ આવેલ અને ફરીયાદને પણ ગાડીમાં બેસાડી અંદરના રસ્તા બાજુ લઈ ગયેલ અને બીજા માણસો તેઓની બે બાઈકો લઈ આવેલ હતા. જે બાઈકો ઉપર ફરીયાદીની પાછળ આવતા હતા અને ફરીયાદને ખરાબામાં લઈ ગયેલ હતા અને ત્યાં ફરીયાદીને ગાડીમાંથી ઉતારી અને ગાળો બોલવા લાગેલ અને ગડદા પાટુનો માર મારેલ. તેમજ ફરીયાદી પાસેના રૂા. ૧૦,૦૦૦/– તથા બે મોઈબલ જેમાં એક સેમસંગ કંપનીનો હતો અને બીજો એલ. વાય. એફ. કંપનીનો હતો તથાફરીયાદી પાસેના ઈન્ડીયન બેંક, એકસીસ બેંક, એસ. બી. આઈ બેંકના એ. ટી. એમ. કાર્ડ તથા ચુંટણી કાર્ડ તથા વીકલાગ કાર્ડ તથા ગાડીની આર. સી. બુક આ લોકોએ બળજબરીપુર્વક કાઢી લીધેલ. અને ફરીયાદીને એ. ટી. એમ. ના પાસવર્ડ માંગેલ હતા. જે પાસવર્ડ ન આપતા મને વધુ મારવા લાગેલ. જેથી મે મારા એ. ટી. એમ. કાર્ડના પાસવર્ડ આપેલ અને તેઓ તમામે મારી પાસે બે લાખની માં

ગણી કરેલ અને કહેલ કે, તું તારા ઘરેથી પૈસામંગાવી લે નહી તો તને જીવતો રહેવા નહી દઉ તેમ કહેલ. જેથી આ લોકો મારી નાખશે તેવી બીકથી ફરીયાદીએ તેમના બનેવી જગદીશભાઈ મફતભાઈ બારોટનાઓને ફોન કરી વાત કરેલ કે, '' બનેવી આ લોકો મને પકડી રાખેલ છે, અને મને માર મારે છે અને બે લાખની માંગણી કરે છે. જેથીી તમો પૈસા લઈ આવો તેવી ।વત કરેલ હતી. ત્યારબાદ ફરીયાદને મારતા હતા અને પૈસા માટે ઘરે ફોન  કરાવતા હતા. તેમજ ફરીયાદીને ચાલવાની ગોડી હતી જે ઘોડી વડે મારતા હતા. આ લોકો મારતા હતા, ગાળો બોલતા અને આ બાબતે તેઓએ વીડીઓ કલીપ ઉતારેલ હતી અને કહેતા હતા કે પૈસા આપી દે નહીતર આ વીડીઓ વાયરલ કરી દેશું અને તને જીવતો નહી રહેવા દઈએ તેવી ધમકીઓ આપતા હતા અને સવારના છ વાગ્યા સુધી ફરીયાદીને માર મારેલ અને સવાર પડતા બીજા માણસો આવી ફરીયાદીની ગડાી લઈ નીકળી  અને ફરીયાદી પાસે બે માણસો હતો જેઓને કહેલ કે, આને બાઈક પર લઈ આવ તેમ કહી  ફરીયાદીન ગડાી એક બાઈક લઈ નીકળેલા અને બે જણા ફરીયાદી પર બેસાડી એપોચ રોડ તરફ લઈ ગયેલા અને ભુખેલ ગામ આવતા ફરીયાદીને થયેફલ કે, આ લોકો ફરીયાદીને મારી નાખશે  તેમ વિચારી ફરીયાદી બાઈક પર આમથી તેમ હલવા લાગેલ અને બુમો પાડવા લાગેલ જેથી ફરીયાદી તથા બીજા બે એમ ત્રણેય જણા બાળક સ ાથે પડી ગયેલ અને બુમો પાડતા ગામના લોકો આવી જતા આ લોકો મોટરસાયકલ લઈ જતા રહેલ અને ત્યારબાદ ૧૦૮ ને બોલાવતા બાયડ સરકારી દવાખાને લઈ ગયેલ અને તે રીતે આ કામના આરોપીઓએ પુર્વાયોજીત કાવતરૂ રચી એક માણસ બાયડથી ફરીયાદીની ગાડીમાં બેસી વાત્રક આવતા તે ગાડી ઉભી રાખાવી અને બીજા સાગરીતે આવી જતા ફરીયાદને ગાડી સાથે લઈ જઈ ગડદાપાટુનો તથા ઘોડી વગે માર મારી બે લાખ ઘરેથી મંગાવી નહી તો જાનથી મારી નાખવાની ધમકી આપે હોવાની હકીકત આધારે હાલની ફરીયાદ બાયડ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામા આવેલ.

(૨)  ફરીયાદી ધ્વારા દાખલ કરવામા આવેલ હાલની ફરીયાદ  બાયડ પોલીસ સ્ટેશનમાં દાખલ કરી, હાલના ગુનાની તપાસ સબંધીત તપાસ કરનાર અધિકારીશ્રીએ સોપવવામાં આવતા તેઓએ તેમની તપાસ દરમ્યાન જરૂરી સાહેદોના નિવેદનો  નોંધી, પંચનામાઓ કરી સારવાર સર્ટીઓ મેળવી તથા આરોપીઓને અટક કરી અને આરોપીઓ સામે પુરતા પુરાવા જણાઈ આવેલ હોય, આરોપીઓ સામે હાલનું ભારતીય દંડ સંહિતાની કલમ:- ૩૯૫, ૩૬૪(ક),૩૬૮, ૩૮૬, ૧૨૦(બી) મુજબનું હાલનું ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૩) ત.ક. અમલદાર ધ્વારા રજુ કરવામાં આવેલ ચાર્જશીટનું સંજ્ઞાન લઈ, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૦૪ અન્વયે આરોપી સામે સમન્સ કરવાનો હુકમ કરવામાં આવતા, આરોપીની સામે હાલના ગુના સબબ સમન્સ કરવામાં આવેલ. જે આ કામના આરોપીને ધોરણસર બજી જતા, આરોપી ના. કોર્ટ સમક્ષ હાજર રહેલ. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૨૦૭ અન્વયે ચાર્જશીટ લગત તમામ કાગળોની વિનામુલ્યે નકલો પુરી પાડી, આરોપીઓ પોતાના બચાવમા ખાનગી વકીલ રોકી બચાવ કરવા માંગતા હોવાનુ જાહેર કરેલ તેમજ આરોપીઓ સામે આક્ષેપિત ગુનાનો પ્ર કાર જોતા સેશન્સ ટ્રાયબલ ગુનો હોઈ ફોજદારી કાર્યરીતી અધિ.કલમ -૨૦૯ અન્વયે હાલનો કેસ અત્રેની અદાલતમા કમીટ કરવાનો હુકમ કરવામા આવેલ.

(૪) વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા કમીટ કરેલ હાલનો કેસ સેશન્સ કેસ તરીકે દાખલ કરી, આરોપીઓને સમન્સનો હુકમ કરતા, સમન્સ તમામ આરોપીઓને ધોરણસર બજી જતા તેઓ ના. કોર્ટ સમક્ષ હાજર રહેલ છે અને તેઓની સામે આક્ષેપિત ગુના સબબ ચાર્જફ્રેમ કરવા બાબતે સુનવણીની પુરતી તકો આપ્યા બાદ આરોપી સામે હાલના ગુના સબબ ચાર્જ આંક:-૦૫ તથા ૦૯ થી ફરમાવવામાં આવેલ છે, જે તેમને વાંચી સંભળાવવામા આવેલ છે, જે અનુસંધાને આરોપીઓનુ નિવેદન લેવામાં આવતા, આરોપીઓએ આક્ષેપીત ગુનાનો ઈન્કાર કરતા, આરોપી સામેની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) ફરીયાદ પક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ ફોર્મ- સીમાં જણાવ્યા મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે વિશેષ કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ત્યારબાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ:- ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ તમામ આક્ષેપીત પુરાવાનો ઈન્કાર કરી, પોતે નિદોર્ષ હોવાનો બચાવ રજુ કરેલ છે. પરંતુ પોતાના બચાવમાં જાતે જુબાની આપવાનું કે, બચાવમાં સાક્ષી તપાસવાનું પસંદ કરેલ નથી. ત્યારબાદ હાલના કેસની કાર્યવાહી બંને પક્ષે દલીલ માટે રાખવામાં આવેલ.

(૭) ફરીયાદ પક્ષે વિ. એડી. પી. પી. શ્રી આર. જે . ભાટી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે હાલના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ:- ૩૯૫, ૩૬૪(ક),૩૬૮, ૩૮૬, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે ફરીયાદ પક્ષે મુખ્યત્વે આ કામના આરોપીઓએ ભેગા મળી કાવતરૂ રચી અને ફરીયાદી સાથે લુંટ કરવામાં આવેલ અને તેમને અપહરણ કરી લઈ ગયેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. ત્યારે આ કામે સૌ પ્રથમ ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો એ બાબતનો સ્પષ્ટ આક્ષેપ મુકવામાં આવેલ છે, આ કામના આરોપીઓ પૈકી પ્રથમ આરોપીએ તેમની ગાડીમાં લીફ્ટ માંગેલ અને તે વાત્રક ગામ પાસે આવતા ગાડી ઉભી રખાવેલ અને તે વખતે જ અન્ય આરોપીઓ પણ ત્યાં પહોચી જઈ ફરીયાદીની ગાડીની ચાવી લુંટી લઈ તેમને અપહરણ કરી લઈ જઈ અને રૂા. ૨,૦૦,૦૦૦/-ની માંગણી કરવામાં આવેલ અને તે મુજબ લુંટ કરેલ ત્યારે આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ મુળ ભોગ બનનાર સાહેદ ફરીયાદી જીગરભાઈ જયંતિભાઈ બારોટનાઓની આંક:- ૪૧ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ એવી હકીકતને સમર્થન આપી રહેલ છે કે, તેઓ પોતાની એકસેન્ટ ગાડી લઈ થતા હતા તે દરમ્યાન બાયડ પાસેથી એક છોકરાએ લીફ્ટ માંગેલ અને તે આગળ વાત્રક પહેલા આ ગાડી ઉભી રખાવેલ અને ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલી કીશનભાઈ અને મંથનભાઈ તેમને ખેચી લીધેલ એન જીતુ ભાઈએ ફરીયાદને ખરાબામાં લઈ ચેલ અને મારઝુડક રેલ અને રોકડા પૈસા, એટીએમ. અન્ય દસ્તાવેજોની લુંટ કરેલ અને ખંડણી માંગેલ હતી. ત્યારે આ કામે હાલના ફરીયાદી/ઈજા પામનારની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ સમગ્ર ઘટનાને પુરવાર કરે છે. તેમજ આ કામે આ ઈજા પામનારને સારવાર કરનાર ડૉ. મન્સુરીનાઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમાં પણ ફરીયાદ મુજબની હકીકતો આધારે ઈજાઓ જણાચેલ. ત્યારે આ કામે ફરીયાદી હકીકતોને સમર્થન મળી રહે છે. તેમજ આ કામની ફરીયાદ દાખલ કર્યા બાદ પોલીસ ધ્વારા જયારે હાલના બનાવની તપાસ કરવામાં આવેલ તે દરમ્યાન પણ ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થન મળતું હોવા બાબતેની હકીકત જણાઈ આવેલ. ત્યારે આ કામે સમગ્ર પુરાવાઓને ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદ પક્ષ આરોપીઓ સામેનો સમગ્ર આક્ષેપ પુરવાર કરતા હોય, આરોપીઓને મહત્તમ સજા કરવા રજુઆત કરવામાં આવેલ છે.

(૮) ત્યારબાદ આરોપી તરફે વિ. વ. શ્રી એન. પી. બારોટ તથા કે. કે. વણકર ધ્વારા પોતાના બચાવમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહીતાની કલમ:- ૩૯૫, ૩૬૪(ક),૩૬૮, ૩૮૬, ૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ છે ત્યારે ફરીયાદ પક્ષે પોતાનો આક્ષેપ નિ:શં કપણે પુરવાર કરવાનો રહે છે અને આરોપીઓને ગુના સાથે સાંકળતો તમામ કડીઓ પુરાવકીય રીતે પુરવાર

કરવાની રહે છે. તે મુજબ હાલના બનાવની હકીકત જોતા હાલનો બનાવએ માત્ર ફરીયાદી સાથે બનેલ હતો. ત્યારે તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પોતાની જ જુબાનીમાં તમામ આરોપીઓને નામ જોગ ઓળખી બતાવે છે. ત્યારે એ હકીકત ફલીત થાય છે કે આ કામના આરોપીઓ અને ફરીયાદી અગાઉ થી જ એકબીજાને ઓળખીતા છે. ત્યારે ઓળખીતા એકબીજા સાથે લુંટફાટનો આક્ષેપ એ શંકાસ્પદ બની જાય છે. ત્યારે આ કામે ફરીયાદીની ઉલટ તપાસ ધ્યાને લેવામાં આવે તો તેઓ એ બાબતનો સ્પષ્ટ સ્વીકાર કરે છે કે, બનાવ સમયે જે કોઈ આરોપીઓ હશે તે હાલની ચાર્જશીટના કામે આરોપીઓ તરીકે જોડવામાં આવેલ નથી. ત્યારે માત્ર ફરીયાદી ધ્વારા તેમની સાથે જે કોઈ આક્ષેપીત ગુનો અન્ય ધ્વારા કરેલ હશે તેની હાલની ખોટી ફરીયાદ હાલના આરોપીઓ સામે આપવામાં આવેલ છે. તેમજ પોલીસે જે આરોપીઓને પકડેલ તેઓને જ આરોપી તરીકે ઓળખી બતાવેલ. તેમજ એ બાબતનો પણ સ્વીકાર કરે છે કે, આરોપીઓ કોઈ નામો બોલતા હોય અને સાંભળેલ હોય તેમ બનેલ નથી. તેમજ આ લુંટફાટ કોના ધ્વારા કરવામાં આવેલ તે બાબતે પણ ઉલટ તપાસ દરમ્યાન શકાંસ્પદ પુરાવો આપી રહેલ છે. તેમજ બનાવ સમય અંધારૂ હતું જેથી તેઓ કોઈને ઓળખી શકેલ નહી. અને ફરીયાદીની ગાડી વિકલાંગ ગાડી હતી જે બીજું કોઈ ચલાવી શકે તેવી પણ ન હતી. ત્યારે આ કામે ફરીયાદી ધ્વારા જે હકીકતોનો સ્વીકાર કરવામાં આવેલ છે તે તદ્દન વિશ્વાસપાત્ર નથી. આમ, જયારે હાલના બનાવના એકમાત્ર ફરીયાદી કે જેઓની સાથે જ હાલનો બનાવ છે તેઓની જુબાની વિશ્વાસપાત્ર જણાઈ આવતી નથી. ત્યારે આરોપીઓ સામેનો આક્ષેપીત ગુનો પુરવાર માની શકાય તેમ નથી. ત્યારે તમામ આરોપીઓને નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરવામાં આવેલ છે.

(૯) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

મુદા નં–૧ શું ફરીયાદ પક્ષ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓએ ગઇ તા.૧૫–૦૨–૨૦૧૭ના કલાક: ૨૦/૪૫ વાગ્યે પુર્વ આયોજીત કાવતરુ રચી આ કામના ફરીયાદીને બાયડ ટાઉનમાં વાત્રક રોડે આરોપી જીતુભાઈ ગુણવંતભાઈ બારોટનાએ વાત્રક સુધી બેસાડી જવાનુ કહી ફરીયાદીની કાળા કલરની હયુન્ડાઈ એસેન્ટ ગાડી નંબર જી.જે.૬.બી.એલ.૬૫૩૦માં બેસી વાત્રક નજીક ગાડી ઉભી રખાવી બીજા આરોપીઓ આવી જઈ ફરીયાદીને ગાડીમાંથી ખેંચી ઉંચો કરી વાંટડા ગામના ખરાબામાં લઈ જઈ ગડદાપાટુથી તથા લાકડાથી ચાલવાની ગોડી વડે માર મારી ફરીયાદી પાસેના રૂા.૧૦,૦૦૦/– તથા બે મોબાઈલ જેમાં એક સેમસંગ કંપનીનો કિ.રૂા.૧૦૦૦/–નો તથા બીજો એક એલ.વાય.એફ. કંપનીનો કિ.રૂા.૯૦૦૦/–નો મોબાઈલ તથા ઈન્ડીયન બેંક,

એકસીસ બેંક, એસ.બી.આઈ.બેંકના એ.ટી.એમ.કાર્ડ તથા ચુંટણીકાર્ડ, પાનકાર્ડ, વીકલાંગ કાર્ડ તથા ગાડીની આર.સી.બુક મળી કુલ રૂા.૨૦,૦૦૦/ ની બળજબરી પુર્વક લુંટ કરી ફરીયાદી પાસે રૂપિયા બે લાખની ખંડણીની માંગણી કરી તેમજ તે ખંડણીના નાણા લેવા માટે વાંટડા તથા ભુખેલ ગામની સીમમાં લઈ જઈ તા.૧૬/૦૨/૨૦૧૭ના સવારના કલાક ૬/૦૦ વાગ્યા સુધી ગેરકાયદેસર રીતે ગોંદી રાખી,ભારતીય દંડ સંહિતાની કલમ:૩૯૫,૩૬૪(ક),૩૬૮,૩૮૬, ૧૨૦(બી) મુજબનો શીક્ષા પાત્ર ગુનો કરેલ છે ?

મુદા નં–૨ શું હુકમ?

(૧૦) ઉપરોકત મુદાના મારા નિર્ણય નીચે મુજબ છે.

મુદા નં–૧ નકારમાં.

મુદા નં–૨ આખરી હુકમ પ્રમાણે.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે:–

– :: કા ર ણો :: –

મુદા નં–૧

(૧૧) ફરીયાદ પક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ સૌપ્રથમ આ કામના ફરીયાદી :– **જીગરભાઈ જયંતિભાઈ બારોટ**નાઓને **આંક:–૪૧**થી તપાસવામાં આવેલ છે અને આ કામે તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, બનાવ સમયે હું છુટક મજુરી કરતા હતો. બનાવ સમયે તા.૧૫/૨/૧૭ ના રોજ નડીયાદ મારા સબંધીને ત્યાં મેરેજમાં ગયેલ હતો.તે સમયે નવ સાડા નવનો સમય હતો. હું મારી એસેન્ટ ગાડી લઈ, બાયડ બસ સ્ટેન્ડની સામે પસાર થતો હતો. ત્યારે એક છોકરાએ મારી લીફટ માંગતા, મેં ગાડીમાં બેસાડેલ અને છોકરો કહેતો હતો કે, આગળ જતા મને ઉતાશો. વાત્રકની પહેલા વાલાની મુવાડીવાળા રસ્તા ઉપર ઉભી રાખવા જણાવેલ અને મેં ગાડી ઉભી રાખેલ. ડ્રાઈવર સાઈડનો દરવાજો ખોલી મને કીશન અને મંથને ખેચી લીધેલ. જીતુ બારોટ સહી આઠ–નવ જેટલા માણસો હતા. ત્યારબાદ આ કામના આરોપીઓ મને ખરાબામાં લઈ ગયેલા અને મારઝુડ કરેલી અને મારી પાસેથી બે મોબાઈલ, જેમાં એક એલ.જી.કંપનીનો અને બીજો સેમસંગ કંપનીનો મોબાઈલ, આઈ.ડી. કાર્ડ, એ.ટી.એમ. કાર્ડ, વીકલાંગ પાસ, રોકડા રૂા.૧૦,૦૦૦/– લઈ લીધેલ. ત્યારબાદ આ કામના આરોપીઓએ મને મારજુડ કરી અને મારી પાસે મારા સબંધીનો મોબાઈલ નંબર માંગતા, મે મારા બનેવીનો

નંબર આપેલ અને આ કામના આરોપીઓએ મારા બનેવીને ફોન કરી બે લાખ રૂપીયાની ખંડણી માગેલ. ત્યારબાદ ખંડણી ન આપતા મને મારજુડ કરેલ. ત્યારબાદ મને મોટર સાયકલ ઉપર બેસાડી આરોપીઓ ભુખેલ ગામ પાસે સવારના છ વાગ્યાનો સમય હતો. ત્યારે મે છુટવાનો પ્રયાસ કરતા મોટરસાયકલ પડી ગયેલા અને ગામના માણસો આવી જતા, આરોપીઓ ભાગી ગયેલા. ત્યારબાદ મને ગામના માણસોએ ૧ ૦૮ બોલાવીને સારવાર અર્થે વાત્રક હોસ્પીટલ લઈ ગયેલા. ત્યાર બાદ મે બાયડ પોલીસ સ્ટેશનને આ કામના આરોપીઓ વીરુધ્ધ ફરીયાદ આપેલ. તેમ જણાવી પોતાની ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવી તે ફરીયાદ રજુ કરેલ છે. તેમજ આરોપીઓને હુ જોયેથી ઓળખી શકુ. બનાવ સમયે પહેરેલ કપડા લાલ ટીશર્ટ તથા જીન્સ પેન્ટ પહેરેલ હતો.તેમજ બંને મોબાઈ તથા એટી.એમ.કાર્ડ, આરસીબુક, બતાવમાં આવે છે તે તેજ છે જે હુ ઓળખુ છુ.

(૧૨) ત્યારબાદ આરોપી તર્ફે પોતાના બચાવમા હાલના ફરીયાદીની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે જેમા તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે જે આરોપીઓ હતા જે પૈકીના કોઈ આરોપી હાલના ચાર્જશીટના કામે નથી. એ વાત ખરી છે કે, પોલીસે જે આરોપીઓને બતાવેલ અને મને વાગેલ હોય તેથી મે તેમને આરોપી તરીકે ઓળખેલા. એ વાત ખરી છે કે, મુદતના રોજ આરોપીના નામ બોલાતા હોય અને મેં સાંભળેલ હોય મે આરોપીના નામ મારી સરતપાસમા જણાવેલ. એ વાત ખરી છે કે ફરીયાદ આપ્યા બાદ પોલીસ મને મળેલ નથી કે મારી હાજરીમા બીજી કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે મારી પાસેથી જે કોઈ મુ.માલ ગયેલ તે લેનાર કોઈ પણ વ્યકિત હાલના કામે આરોપી નથી. એ વાત ખરી છે કે આ કામની ફરીયાદ પોલીસે જાતે તૈયાર કરી દીધેલ અને તેમા મે માત્ર સહી કરેલ. એ વાત ખરી છે કે આ ફરીયાદ વાંચેલ હોય તે મુજબ ની મે જુબાની આપેલ છે. એ વાત ખરી છે કે, હાલનો બનાવ બનેલ તે વખેત અંધારૂ હતુ. એ વાત ખરી છે કે અંધારૂ હોવાથી હુ કોઈ આરોપીને જોઈ કે ઓળખી શકેલ ન હતો. એ વાત ખરી છે કે મારી પાસે જે ગાડી હતી તે વિકલાંગ વાહન હોવાથી તે મારા સિવાય બીજુ કોઈ ચલાવી ન શકે.

(૧૩) ત્યારે આ કામે હાલના ફરીયાદની હાલની જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન કરવામાં આવે તો તેઓ પોતાની જ સરતપાસમાં પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારક પુરાવો આપી રહેલ છે પરંતુ જયારે આરોપીઓ ધ્વારા આ જુબાનીમાં પોતાનો બચાવ રજુકરી રહેલ છે ત્યારે હાલના સાહેદ જે મહત્વની રીતે હકીકતોનો સ્વીકાર કરે છે તે ઘ્યાને લેવામાં આવે હાલના બનાવ સમયે અંધારૂ હતું અને તેઓ કોઈ

આરોપીને ઓળખી શકે તેમ નથી તેમજ આ કામે પોલીસ ધ્વારા જે આરોપીઓને બતાવેલ તે જ આરોપીઓને તેઓને આરોપી તરીકે ઓળખી બતાવેલ . ત્યારે આ કામે હાલની સમગ્ર ઘટનાને ધ્યાને લેવામાં આવે તો ખુદ ફરીયાદ ધ્વારા જયારે પ્રથમ આરોપીને તેમની ગાડીમાં બેસાડેલ તે વખતે તેઓ તેને ઓળખતા હોવા બાબતે કે જયારે હાલનો બનાવ બનેલ તે વખતે પણ તેઓ અગાઉથી જ ઓળખતા હોવા બાબતે કોઈ સમથૃનકારક પુરાવો આ કામે રજુ કરેલ નથી. ત્યારે હાલની જુબાની માત્ર પોલીસ ધ્વારા રજુ કરવામાં આવેલ આરોપીની ઓળખ આધારે જ તેઓ પોતાની જુબાનીમાં હાલના આરોપીના નામો જણાવી રહેલ હોવાની હકીકત જણાઈ આવે છે. ત્યારે આ કામે હાલના ફરીયાદીની ફરીયાદ પર વિશ્વાસ રાખતા પહેલા આ બનાવમાં અન્ય મહત્વના સાહેદ કે જેઓને આ કામના ફરીયાદી ધ્વારા ખંડણીની રકમ બાબતે ફોન કરી બોલાવી અને રૂા. ૨,૦૦,૦૦૦/- બાબતે વ્યવહાર કરાવેલ તે સાહેદની જુબાની પણ અતિમહત્વની બની જાય છે.

(૧૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે સાહેદ ***જગદીશભાઈ મફતભાઈ બારોટ*** નાઓને આંક:-૧૦૮ થી તપાસવામાં આવેલ છેઅ ને તેઓ તેમની જુબાનીમાં એવી હકીકત જણાવી રહેલ છે કે, હાલનો બનાવ કેવી રીતે બનેલ અને શું બનેલ તે ની મને ખબર નથી. પરંતુ આજથી આઠેક વર્ષ પહેલા મને જીગરભાઈનો ફોન આવેલ અને જણાવેલ કે, મારુ અપહરણ કરેલ છે અને બે લાખની ખંડણી માંગતા હોવનું જણાવેલ આ સિવાય બીજી કોઈ હકીકત જણાવેલ નહી. આમ, આ કામે હાલના સાહેદ ફરીયાદ પક્ષની હકીકતોને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદ પક્ષે વિમુખ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓ એ બાબતનો સ્પષ્ટ ઈન્કાર કરી રહેલ છે કેત તેઓએ અવી હકીકત લખાવેલ છે કે, તા.૧૫/૨/૧૭ ના રોજ મારા સાળા જીગરભાઈ મને ફોન પર રાત્રે સાડા બારેક વાગ્યાના અસરામા જણાવેલ કે તેઓ પોતાની એસેન્ટ ગાડી નડીયાદથી બાયડ લઈ જતા હતા તે સમયે બાયડ બસ સ્ટેન્ડ પાસેથી એક માણસ વાત્રક સુધી લઈ જવા કહી બેસી ગયેલ અને તેઓએ એકાં ત જગ્યાએ લઈ જઈ રોડની સાઈડમા ગાડી ઉભી રખાવી મારી પાસેથી રૂા.૧૦,૦૦૦/- તથા બીજી વસ્તુઓ લઈ લીધેલ તેમજ ગાડીને નુકશાન કરેલ અને બે લાખ રૂપીયાની માંગણી કરેલ, તેથી બે લાખ રૂપીયા લઈ બાયડ આવતો તેવો મેસેજ કરતતા હુ અમદાવાદથી ખાનગી વાહનમા બેસી બાયડ આવેલ અને બાયડ પો.સ્ટે.નો સંપર્ક કરેલ, તેમજ હુ જીગરભાઈ ના સંપર્કમા રહેતા તેઓએ ચોઈલા ગામે આવવા કહેતા પં ચના માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી પોલીસના ખાનગી વાહનમા પોલીસના માણસો સાથે બેસી ચોઈલા ગામે જતા સંપર્કના આધારે બે બાઈકો પર ચાર માણસો હતા જેઓને કોર્ડન કરી

મો.સા. સાથે પકડી નામ પુછેલ તો (૧) કિશનકુમાર પુનમભાઈ પરમાર (૨) સંજયકુમાર કાન્તીભાઈ પરમાર, (૩) મિનેશકુમાર (૪) કાન્તીભાઈ ના હોવાનુ જણાવેલ, જે માણસો ધ્વારા જાણવા મળેલ કે, જીતુભાઈ ગુણવંતભાઈ બારોટ તથા શાંતીલાલ મારવાડી તથા અલ્પેશભાઈ નાઓ ભેગા મળી આ કૃત્ય કરેલ છે.

**(૧૫)** ત્યારબાદ આ કામે આરોપીઓ તરફે પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામા ંઆવેલ છે અને તેઓ તેમની ઉલટ તપાસ દરમ્યાન એવી હકીકતનો સ્વીકાર કરી રહેલ છે કે, પોલીસે માત્ર નામ સરનામું પુછેલ તે સિવાય બીજી કોઈ હકીકત તેમને ખબર નથી.

**(૧૬)** આમ, આ કામે હાલના સાહેદ કે જે ફરીયાદી ની હકીકત મુજબ જયારે આરોપીઓ ધ્વારા ખંડણીની માંગણી કરવામાં આવેલ હતી ત્યારે ફરીયાદી ધ્વારા હાલના સાહેદને ફોન કરવામા આવેલ હતો. ત્યારે અલબત આ કામે હાલના સાહેદ ફરીયાદી ધ્વારા ખંડણી બાબતેના ફોન બાબતેની હકીકતોને સમર્થન આપી રહેલ છે. પરંતુ આ બનાવમાં હાલના ફરીયાદીના ફોન આધારે તેઓ આવેલ હોય કે તેઓએ કોઈ પોલીસનો સંપર્ક કરેલ હોફ તેઓની હાજરીમાં કોઈ આરોપીઓ ધ્વારા હાલનો ગુનો કરેલ હોવાની હકીકત તેઓ ધ્વારા જાણેલ હોવાની કોઈ હકીકતને સમર્થન આપતા નથી. તે મુજબ હાલના સાહેદની જુબાની આધારે પણ હાલના આરોપીઓ ધ્વારા જ આક્ષેપીત ગુનો કરેલ હોવા બાબતે કોઈ સમર્થનકારક પુરાવો મળી રહેતો નથી. તેમજ ફરીયાદીની જુબાનીને પણ કોઈ રીતે સમર્થન મળતું નથી.

**(૧૭)** ત્યારબાદ ફરીયાદ પક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ આરોપીને અટક કરતો અને મુદ્દામાલ કબજે કરતું પંચનામું આંક:- ૬૨થી રજુ કરવામાં આવેલ છે અને આ કામે પંચનામાની વિગતો પુરવાર કરવા સારૂ પંચ સાહેદ ***અજીતભાઈ કોહયાભાઈ જાલા*** ને આંક- ૬૧ તપાસવામા આવેલ છે જેમા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહીઓ કરાવેલ અને તેમની હાજરીમાં કોઈ મુદામાલ રીકવર કરવામાં આવેલ હોય તેમ બનેલ નથી. તેમ જણાવી આંક- ૬૨માં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારે હાલના ંપચ સાહેદ ફરીયાદ પક્ષની વિગતોને સમર્થન આપતા ન હોય તેઓને વિમુખ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ હોવા છતાં તેમની હાજરીમાં પં નામાની વિગતે આરોપી કીશન, સંજયભ, મનીષ, કાંતીભાઈને અટક કરેલ હોય કે ેતઓની પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ હોવાની હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરી રહેલ છે.

(૧૮) ત્યારબાદ આરોપીઓ તરફે પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, પોલીસે તેમની તૈયાર પંચનામામાં સહીઓ કરાવેલ.

(૧૯) ત્યારે હાલના પંચ સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો હાલના પંચ સ ાહેદ પણ તેમની સમક્ષ કરવામાં આવેલ આંક:-૬૨ વાળા પંચનામાને કોઈ રીતે સમર્થનકારક પુરાવો રજુ કરી રહેલ નથી. ત્યારે ફરીયાદ પક્ષ આંક-૬૨ વાળું પંચનામું પુરવાર કરવામાં પણ સદંતર નિષ્ફળ રહેતા હોવાનું મારૂ નમ્ર પણે માનવું છે.

(૨૦) ત્યારબાદ ફરીયાદ પક્ષે પોતાનો આક્ષેપ પુરવાર કરવા સારૂ ઓળખ પરેડના પંચ સાહેદ ***અશોકભાઈ બાબુભાઈ*** મારવાડીનાઓને આંક:- ૭૯ થી તપાસવામાં આવેલ છે. ત્યારે તેઓની જુબાની જોતા તેઓ એવી હકીકત જણાવી રહેલ છેકે, આજથી આઠેક વર્ષ પેલા પોલીસે મને બોલાવી તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા મે તેમાં સહી કરેલ તેમ જણાવી આંક-૮૦ વાળા પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. ત્યારે હાલના સાહેદ પણ તેઓની રૂબરૂમાં કરવામાં આવેલ ઓળખ પરેડના પં ચનામાને સમર્થન આપતા ન હોયતેઓને વિમુખ સાહેદ જાહેર કરી વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ અને તે દરમ્યાન પણ તેઓ એ આ કામના ફરીયાદી ધ્વારા આરોપીને ઓળખી બતાવેલ હોવાની હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવેલ છે.

(૨૧) આરોપીઓ તર્ફે પોતાના બચાવમા હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરેલ છે જેમા તેઓએ એવી હકીકત જણાવેલ છે કે, હું બાયડ પો. સ્ટે. સામે જ રહું છું અને સ રસ્તામાંથી જતો હોય પોલીસે મારી સહીઓ કરાવેલ.

(૨૨) આમ, હાલના સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તેઓ આ કામના ફરીયાદી ધ્વારા તપાસ દરમ્યાન આરોપીઓને અટક કરવામાં આવેલ અને તે બાદ ફરીયાદી ને બોલાવી અને હાલનોગુનો હાલના આરોપીઓ ધ્વારા જ કરવામાં આવેલ અને તે બાબતે આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ હોવાની

હકીકતને લેશમાત્ર સમર્થન આપતા નથી. ત્યારે આ કામના ફરીયાદ પક્ષ પોતાનુ આંક:-૮૦ વાળું પંચનામું પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેલા છે.

**(૨૩)** ત્યારે ફરીયાદ પક્ષે આ જ પંચનામામા અન્ય પંચ સાહેદ રાયસીંગભાઈ ભાથીભાઈ ઝાલાનાઓને આં ક:-૮૧ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેઓ પણ એવી હકીકત જણાવી રહેલ છે કે, પોલીસે માત્ર તૈયાર પંચનામામાં તેમની સહી કરાવેલ. ત્યારબાદ ફરીયાદ પક્ષે હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવલ હોવા છતાં ફરીયાદી ઘ્વારા ઓળખ પરેડ દરમ્યાન હાલના આરોપીઓ પૈકી કોઈને ઓળખી બતાવેલ હોવા બાબતે કોઈ સમર્થનકારક પુરાવો રજુ કરી શકેલ નથી.

**(૨૪)** ત્યારબાદ ફરીયાદ પક્ષે હાલના બનાવ સમયે ત્યાં માણસો ભેગાથઈ ગયેલ અને તે માણસો પૈકી સાહેદ સામંતભાઈ અજમલભાઈ સોલંકીનાઓને આંક:- ૧૧૦ થી તથા લાલાભાઈ રાઘાભાઈ નાઓને આંક:-૧૧૧ થી મનુભાઈ કોદરભાઈ રાવળનાઓને આંક:-૧૧૩થી દશરથભાઈ હિરાભાઈ વાળં દનાઓને આંક:-૧૧૪ થી અમરતભાઈ હિરાભાઈ વાળંદનાઓને આંક:-૧૧૫ થી પરેશભાઈ ડાહયાભાઈ નાઓને આંક:-૧૧૬ થી પંકજભાઈ જગાભાઈ નાઓને આંક:-૧૨૪ થી મહેશભાઈ શંકરભાઈ નાઓને આં ક-૧૨૫ થી કલ્પેશભાઈ પરસોત્તમભાઈનાઓને આંક:૧૨૬ થી સુરેશભાઈ હિરાભાઈ પટેલનાઓને આં ક-:૧૨૭ થી તપાસવામાં આવેલ છે. ત્યારે ફરીયાદ પક્ષની હકીકતો મુજબ હાલના તમામ સાહેદોની જુબાની ઘ્યાને લેવામાં આવે તો આ તમામ સાહેદો બનાવ સમયે તેઓ તેમના ઘરે હતા અને આ બનાવ બાબતે તેઓને કોઈ જાત માહીતી ન હોવાનું જણાવી અને આ બનાવ કોની કોની વચ્ચે બનેલ અને શું બનેલ તે બાબતે કોઈ વિશ્વાસપાત્ર હકીકતો જણાવતા નથી. વઘુમાં ફરીયાદ પક્ષે આ સાહેદોને વિમુખ સાહેદો જાહેર કરી અને વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ હોવા છતાં આ કામના આરોપીઓ ઘ્વારા ફરીયાદી સાથે આક્ષેપીત ગુનો કરેલ હોવા બાબતે લેશમાત્ર સમર્થનકારક પુરાવો રજુ કરતા નથી.

**(૨૫)** ત્યારબાદ ફરીયાદ પક્ષે હાલના બનાવમાં ફરીયાદની સારવાર કરનાર ***ર્ડા. નિગાહ મુસ્તુફાભાઈ મન્સુરી*** નાઓને આંક:-૧૩૧ થી તપાસવામાં આવેલ છે અને આ કામે તેઓની જુબાની ઘ્યાને લેવામાં આવે તો તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, સને ૨૦૧૭ ના વર્ષમા હુ મેડીકલ ઓફીસર તરીકે સામુહીક

આરોગ્ય કેન્દ્ર બાયડ ખાતે મારી ફરજ પર હાજર હતી. તે વખતે તા.૧૬/૨/૧૭ ના રોજન ઈજા પામનાર જીગરભાઈ જયંતીભાઈ બારોટ નાઓ કલાક ૮:૧૫ વાગ્યે પોલીસ યાદી વિના મારી સમક્ષ સારવાર સારૂ આવેલ હતા. તેઓએ મેડીકલ હીસ્ટ્રીમા જણાવેલ કે, ''મને સાત– આઠ અજાણ્યા માણસોએ હાથ અને પગ વડે માર મારેલ'' હોવાનુ જણાવેલ. તેઓને તપાસતા અર્ધ–ભાન અવસ્થામા હતા. તેઓ યોગ્ય રીતે જવાબ આપી શકવાની સ્થીતિમા ન હતા. તેઓનુ પરીક્ષણ કરતા ડાબી આંખમા ઈજા થયેલ હતી. જમણા ગાલે છોલાયેલ હતુ, જમણા હાથના પાછળના ભાગે છોલાયેલ હતુ, ડાબા હાથ પર છુટક છુટક છોલાયેલ હતુ, ડાબા હાથના કાંડામા સોજો હતો અને કાંડાના ભાગ હલી શકતો ન હતો. પેટની પાછળના ભાગે અને થાપાના પાછળના ભાગે દુખાવાની ફરીયાદ હતી. તેઓને આંખમા થયેલ ઈજા અને હાડકાની ઈજા બાબતે પ્રાથમીક સારવાર આપી અમદાવાદ ખાતે રીફર કરેલ હતા. મે આ દર્દીને તપાસીને મેડીકલ સર્ટી આપેલ તેમ જણાવી આંક:–૧૩૨ વાળા સર્ટીમાં પોતાની સહીઓ ઓળખી બતાવેલ છે. મારા અભિપ્રાય મુજબ લાકડાની ધોડી વડે કોઈ વ્યકિતને મારવામા આવે તો દર્દીને થયેલ ઈજાઓ જેવી ઈજાઓ સંભવી શકે.

**(૨૬)** ત્યારબાદ આરોપીઓ તરફે પોતાના બચાવમાં હાલના સાહેદની વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તેમાં તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે ઈજાની ઉંમર અને કલર મારા સર્ટીમા જણાવેલ નથી. એ વાત ખરી નથી કે કોઈ અપંગ માણસ ચાલતા વાહનમા થી પડી જાય તો આ પ્રકારની ઈજાઓ સંભવી શકે.

**(૨૭)** ત્યારે હાલના તબીબી સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ એવી હકીકતને સમર્થન આપી રહેલ છે કે, આ કામના ઈીજ પામનાર જાયરે તેઓની સમક્ષ આવેલ તે વખતે તે ઓને આંકખના ભાગે ઈજા હતી ગામે છોલાયેલ હતું અને જમણા હાથના પાછળના ભાગે છોલાયલ હતું અને ડાબા હાથમાં છોલાયેલ હતું તેમજ ડાબા હાથમાં સોજો હતો તેમજ કાંડાનો ભાગ હલી શકતો ન હતો અને પેટની પાછળના ભાગે અને થાપાના ભાગે દુ:ખાવાની ફરીયાદ હતી અને અંખના ભાગે હાડકાની ઈજા હતી. ત્યારે આ કામે સદર સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો આ કામના ફરીયાદીની હકીકતને સમર્થન આપી રહેલ છે પરંતુ જયારે આરોપીઓ તરફે આ ઈજાઓ અન્યરીતે પડી જવાથી પણ સંભવી શકે તેમ છે. તે બાબતે પુછતરછ કરતા તેઓ એવી હકીકત પણ સ્વીકાર કરે છે કે જો કોઈ ૮ યકિત અકસ્માતમાં મોટર સાયકલ પરથી પડી જાય તો પણ આવી ઈજાઓ સંભવી શકે. ત્યારે આ કામે હાલના સાહેદની

જુબાનીનું પુરાવાકીય મુલ્યાંકન માત્ર ફરીયાદી/ ઈજા પામનારની જુબાનીના સંદર્ભમાં જ કરવું ન્યાયોચીત જણાઈ આવે છે.

**(૨૮)** ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે આ કામના તપાસ કરનાર અધિકાશ્રીની અશોકભાઈ સોમાભાઈ પટેલને આંક:-૧૩૫ થી તપાસવામાં આવેલ છે અને તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ એવી હકીકત જણાવી રહેલ છે કે, સને- ૨૦૧૭ ના વર્ષમા હુ પી.એસ.આઈ. તરીકે બાયડ પો.સ્ટે.મા મારી ફરજ પર હતો ત્યારે તા.૧૬/૨/૧૭ ના રોજ ફરીયાદી શ્રી જીગરભાઈ જયંતીભાઈ બારોટનાઓ મારી સમક્ષ ઈ.પી.કો.કલમ ૩૯૫, ૩૬૪(ક), ૩૬૮, ૩૮૬,૧૨૦(બી) મુબજની ફરીયાદ જાહેર કરતા મે ફરીયાદ નોંધી સુચીપત્ર તૈયાર કરેલ અને દાખલ થવા સારુ પી.એસ.ઓ તરફ રવાના કરેલ. જે બાદ તપાસ અમોને મળતા અમોએ તે સંભાળી લીધેલ. સદર ગુનાના કામે આ કામના આરોપીઓએ ખંડણીના પૈસા રૂપીયા બે લાખની ફરીયાદીના બનેવીનાઓ પાસે માંગણી ટેલીફોન પર ચાલુ રાખેલ હોય અમો તથા પોલીસના માણસોએ છટકુ ગોઠવી આરોપીઓને છટકા વાળી જગ્યાએ ચોઈલા ગામના બસ સ્ટેન્ડ પાસ ે પકડી પાડેલ. જે આરોપીઓ પાસેથી ફરીયાદી પાસેથી લુંટ કરેલ બે મોબાઈલ, ગાડીની આર.સી.બુક, એટીએમ કાર્ડ રીકવર કરેલ. આ છટકામા કુલ ચાર આરોપીઓને પકડાયેલ હતા, બાદમા આ ગુનાના કામે ગુનાવાળી જગ્યાનુ પંચનામુ પંચોના લખાવ્યા મુજબનુ લખી લીધેલ અને રૂબરૂ તરીકે સહી કરેલ. પં ચનામા દરમ્યાન ગુના વાળી જગ્યાએથી લાકડાની ધોડીના ચાર ટુકડા રીકવર કરેલ હતા.બાદમા આ કામે અન્ય લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબના લખી લઈ તપાસના કામે સામેલ રાખેલ. ફરીયાદીએ ફરીયાદ કરતી વખતે ઈજાગ્રસ્ત હોય તેઓને બાયડ સી.એચ.સી. ખાતે સારવાર સારુ સારવાર કરાવેલ. આ કામે અન્ય બીજા ૩ આરોપીની તપાસ દરમ્યાન ધરપકડ કરવામા આવેલ. તપાસના કામે મે એફ.એસ.એલ. નો સ્થળ પરીક્ષણ અહેવાલ મેળવેલ અને તપાસના કામે સામેલ રાખેલ જે આંક-૧૩૬ થી રજુ કરેલ છે, તેમજ ડી. એફ. એલ. ફોર્મે **આંક-૧૩૭ થી રજુ કરેલ છે.** તેમજ કોલ ડીટેઈલ્સ ફોર્મે આંક:-૧૩૮ થી રજુ કરેલ છે . તેમજ સી.ડી.આર.રીપોર્ટ તપાસના કામે મેળવેલ તેમ જણાવી આંક:-૧૩૯ થી ૧૪૧ થી રજુ કરેલ છે. તેમજ આ ગુના બાબતે સુચીપત્ર મે તૈયાર કરેલ જેમા મારી સહી છે તેમ જણાવી આંક:-૧૪૨ થી રજુ કરેલ છે. તેમજ ફરીયાદનુ સારવાર સર્ટી મેળવવા કરેલ યાદી કરેલ તેમ જણાવી આંક:-૧૪૩ થી યાદી રજુ કરેલ છે. આરોપીઓની ઓળખ પરેડ કરાવેલ. સદર ગુનાના કામે અમોએ આરોપીઓ પાસેથી બે મો.સા. પંચનામાની વિગતે કબજે કરેલ.

(૨૯) ત્યારે આરોપીઓ તરફે હાલના સાહેદની વિગતવાર ઉલટ તપાસ કરવામાં આવેલ છે અને તેમાં હાલના સાહેદ એવી હકીકત જણાવી રહેલ છે કે, એ વાત ખરી છે કે આ કામના તપાસ કરનાર અમલદાર અને ફરીયાદ લેનાર હુ પોતે જ છુ. એ વાત ખરી છે કે તપાસના કામે મે કરેલ પંચનામા અને નિવેદનો લીધેલ છે તે પંચો અને સાહેદોના કહયા મુજબ નહી પરંતુ મારી તપાસને અનુરૂપ જાતે તૈયાર કરી તપાસના કામે સામેલ રાખેલ છે. એ વાત ખરી છે કે મે મારી તપાસ દરમ્યાન કોઈ ક્ પ બી નુ સર્ટી મેળવેલ નથી. એ વાત ખરી નથી કે મે આરોપીઓની કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીઓ સામે કોઈ પુરાવો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે.

(૩૦) આમ, આ કામે હાલના ત. ક. અમલદારશ્રીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેઓ પોતાની જુબાનીમાં તપાસ દરમ્યાન કરવામાં આવેલ તપાસને સમર્થનકારક પુરાવો આપી રહેલ છે. તેમજ આ કામે હાલના આરોપીઓ બાબતે પણ મોઘમ સ્વરૂપનો પુરાવો આપી રહેલ છે કે, તેઓએ હાલની તપાસ દરમ્યાન આરોપીઓને અટક કરવામાં આવેલ. ત્યારે આ કામે હાલના સાહેદની જુબાની પણ મુખ્ય ઈજા પમાનારની જુબાનીના પરીપેક્ષમાં અર્થઘટન કરવામાં આવશે તો વધુ વિશ્વાસપાત્ર બનતી હોવાની હકીકત જણાઈ આવે છ.

(૩૧) ત્યારે ફરીયાદ પક્ષે રજુ કરવામાં આવેલ ઉપરોકત પુરાવા અને તેમાં પુરવાર થતી હકીકતો આધારે આ કામના આરોપીઓ સામે આક્ષેપીત ગુના સબબ પુરવાર કરવાના આવશ્યક તત્વો સાથે ચર્ચા કરવામાં આવે તો આ કામે આરોપીઓ સામે સૌ પ્રથમ ભારતીયદંડ સંહિતાની કલમ:- ૩૯૫ મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે ફરીયાદ પક્ષે એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે, પાંચ અથવા તેથી વધુ વ્યકિતઓ ધ્વારા હાલના ફરીયાદી સાથે રોબરી કરવામાં આવેલ હતી. ત્યારે આ કામે હાલની ફરીયાદનો પ્રકાર જોવામાં આવે તો સૌ પ્રથમ ફરીયાદી પાસેથી રોકડ રકમ ની લુંટ તથા તે બાદ ખંડણી સ્વરૂપે રોબરી કરવામાં આવેલ હોવાની હકીકત આધારે હાલની ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. ત્યારે આ કામે હાલનો ગુનો પુરવાર કરવા સારૂ અતિમહત્વના સાહેદ એટલે કે, ફરીયાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો તેમાં આ કામના આરોપીઓ ધ્વારા જ હાલનો ગુનો કરેલ હોવાની કોઈ વિશ્વાસપાત્ર હકીકત ફલીત થઈ રહેલ નથી. તેમજ હાલના આરોપીઓ ધ્વારા જ તેઓને ગાડીમાંથી ખેચી લઈ ગયેલ હોય તેવો કોઈ સમર્થનકારક પુરાવોમળી આવતો નથી. તેમજ આ કામે જો ફરીયાદીની જુબાની શંકાસ્પદ હોય કે તેઓ કોઈ આરોપીને ઓળખી શકે તેમ ન હોય તો ફરીયાદ પક્ષ ધ્વારા ચોરીમાં ગયેલ મુદ્દામાલ કોની કસ્ટડીમાંથી મળી આવેલ છે તે હકીકત પણ નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. ત્યારે આ કામે ફરીયાદ પક્ષે તપાસવામાં

આવે તમામ પંચ સાહેદો તપાસ દરમ્યાન કરવામાં આવેલ પંચનામાની કોઈ વિગતોને સમર્થન આપતા નથી. ત્યારે આ કામે ફરીયાદીની જુબાની તથા પંચનામાને સંયુકત રીતે વંચાણે લેવામાં આવે તો ફરીયાદી જયારે આરોપી ઓળખી શકતા નથી તેમજ મુદામાલની રીકવરી પણ હાલના આરોપીઓ પાસેથી મળી આવેલ હોવાની હકીકત પણ પુરવાર કરી શકેલ નથી. ત્યારે હાલના ફરીયાદીની જુબાની આધારે આરોપીઓ ધ્વારા આક્ષેપીત ગુનો કરેલ હોવાની હકીકત નિ:શંકપણે પુરવાર કરી શકે તેમ હોય. તેમજ અન્ય સંયોગીક પુરાવા આધારે પણ સમર્થન મળી રહેતું ન હોય. ત્યારે આ કામે આક્ષેપીત ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેતા હોવાનું મારૂ નમ્રપણે માનવું છે.

**(૩૨)** ત્યારબાદ આ કામના આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૬૪(ક)તથા ૩૬૮ મુજબના ગુનાનો આક્ષે મુકવામાં આવેલ છે. ત્યારે આ કામે સદર ગુનાના આવશ્યકતત્વોની ચર્ચા કરવામાં આવે તો તેમાં ફરીયાદીનું ખુન કરવાના ઈરાદા સાથે અપહરણ હાલના આરોપીઓ ધ્વારા જ કરવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરવાની રહે છે. ત્યારે આ કામે ફરીયાદીની જુબાની આધારે હાલના આરોપીઓ ધ્વારા તેઓનું ખુન કરવાના ઈરાદા સાથે અપહરણ કરવામાં આવેલ હોવાની હકીકતને કોઈ રીતે સમર્થન મળી રહેતું નથી. ત્યારે આ કામે હાલના ગુનાના આવશ્યક તત્વો પણ પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ સદંતર નિષ્ફળ રહેતા હોવાનું મારૂ નમ્રપણે માનવું છે.

**(૩૩)** ત્યારબાદ ફરીયાદ પક્ષે ભારતીય દંડ સંહિતાની કલમ:– ૩૮૬ ના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે ફરીયાદ પક્ષે એવી હકીકત પુરવાર કરવાની રહે છે કે, આ કામના હાલના આરોપીઓ ધ્વારાજ ફરીયાદીને મુત્યુનો ભય બતાવી અથવા તો મહાવ્યથાનો ભય બતાવી અને ખંડણીની માંગણી કરવામાં આવેલ હતી. ત્યારે આ કામે ખુદ ફરીયાદી ધ્વારા જ કોઈ આરોપીઓને ઓળખી બતાવેલ નથી વધું ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલ સાહેદ જગદીશભાઈની જુબાની ધ્યાને લેવામાં આવે તો પણ આ કામના આરોપીઓ ધ્વારા જ ફરીયાદને મૃત્યનુ ભય બતાવી અથવા તો મહાવ્યથાનો ભય બતાવી કોઈ ખંડણી માંગવામા આવેલ હોવા બાબતે કોઈ સમર્થનકારક પુરાવો રજુ કરી શકેલ નથી. ત્યારે આકામે હાલના બંને સાહેદોની જુબાની આધારે પણ હાલના આરોપીઓ ધ્વારા જ ફરીયાદીનું અપહરણ કરી તેને મોતનો ભય બતાવી અથવા તો મહાવ્યથાનો ભય બતાવી કોઈ ખંડણીની માંગણી કરેલ હોવા બાબતે લેશમાત્ર હકીકત પુરવાર કરી શકેલ ન હોય. ત્યારે ફરીયાદ પક્ષે હાલનો ગુનો પણ પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ રહેતા હોવાનુ મારૂ નમ્રપણે માનવું છે.

(૩૪) ત્યારબાદ આ કામના આરોપીઓ ધ્વારા કોઈ ગુનાહીત કાવતરૂ રચી હાલનો ગુનો કરેલ હોવાના આક્ષેપ આધારે ભારતીય દંડ સંહિતાની કલમઃ-૧૨૦(બી) મુજબના ગુનાનો આક્ષેપ મુકવામાં આવેલ છે. ત્યારે આ કામે ગુનાહીત કાવતરાની વ્યાખ્યા અનુસંધાને હાલના કામે ફરીયાદ પક્ષ તરફથી રજુ કરવામાં આવેલ પુરાવાઓ અને જે હકીકતો પુરવાર કરવામાં આવેલ છે તેને ધ્યાને લેવામાં આવે તો સૌ પ્રથમ ફરીયાદપક્ષ હાલના ગુનાના કામે હાલના આરોપીઓ જ સંડોવાયેલ હોવાની હકીકત શંકા રહીત રીતે પુરવાર કરી શકેલ નથી. તેમજ આ કામે કોઈ ગુનો બનેલ હોવા બાબતે પણ કોઈ નિઃશંક હકીકત પુરવાર કરી શકેલ નથી. ત્યારે ગુનાહીત કાવતરુ ત્યારે જ પુરવાર માની શકાય તેમછે કે જયારે આરોપીઓ ધ્વારા કોઈ ગુનો કરેલ હોવાની હકીકત પુરવાર થાય. ત્યારે આ કામે ફરીયાદ પક્ષે આરોપીઓ સામે આક્ષેપીત ગુનો જ પુરવાર કરી શકેલ નથી કે હાલના ગુનામાં આરોપીઓ સંડોવાયેલ હોય કે અગાઉ નકકી કરેલ મુજબ તમામ આરોપીઓ ધ્વારા પોત-પોતાનો ભાગ ભજવી અને હાલના ગુનાને અંઝામ આપવામાં આવેલ હોવાની હકીકત પુરવાર કરી શકેલ ન હોય, ત્યારે આ કામે હાલના આરોપીઓને ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૧ ૨૦(બી) મુજબના ગુનાના કામે પણ તકસીરવાન ઠરાવવા સારૂ કોઈ નિઃશંક પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જતા હોવાનું મારૂ નમ્રપણે માનવું છે.

(૩૫) આમ, ફરીયાદ પક્ષે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓનુ મુલ્યાંકન કરતા આ કામના આરોપીઓ એ જ જયારે ફરીયાદી પોતાની ગાડીમાં જતા હતા તે વખતે એક આરોપીએ પુર્વાયોજીત કાવતરાના ભાગ રૂપે લીફટ માંગી ગુનાવાળી જગ્યાએ ગાડી ઉભી રખાવી, અન્ય આરોપીઓ ધ્વારા ફરીયાદને અપહરણ કરી લઈ જઈ, કોઈ ખંડણી માંગેલ હોય કે તે સમયે ફરીયાદી સાથે કોઈ લુંટ કરેલ હોવા બાબતે કોઈ વિશ્વાસજનક પુરાવો રજુ કરી શકેલ નથી કે સમગ્ર પુરાવા દરમ્યાન હાલના જ આરોપીઓ ધ્વારા આ ગુનો કરેલ હોવાની હકીકત પણ નિઃશંકપણે પુરવાર કરી શકેલ ન હોય. ત્યારે ફરીયાદ પક્ષ પોતાનો આક્ષેપ નિઃશંકપણે પુરવાર કરવામા ફરીયાદ પક્ષ નિષ્ફળ રહેલ હોઈ તેમજ આરોપીઓને આક્ષેપિત ગુના સાથે સાંકળતી કડીને પુરાવાકીય રીતે પુરવાર કરવામા નિષ્ફળ જતા હોય ત્યારે તેનો લાભ આરોપીઓને આપવો ન્યાયોચિત જણાઈ આવતુ હોઈ ત્યારે મુદ્દા નં.૧ નો જવાબ નકાર આપી મુદ્દા નં.ર અન્વેય આરોપીઓને નિર્દોષ ઠરાવતો નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

// **<u>આખરી હુકમ</u>** //

આ કામના આરોપીઃ **સેશન્સ કેસ નં.૪૧/૧૯** ના આરોપીઓ **(૧) કિશનકુમાર પુનમભાાઈ પરમાર** રહે.વાલાની મુવાડી,, તા.બાયડ, જી.અરવલ્લી **(૨) સંજયકુમાર કાંતીભાઈ પરમાર,** રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી **(૩) મનીષકુમાર પ્રતાપભાઈ પરમાર,** રહે.વાલાની મુવાડી, તા.બાયડ,

જી.અરવલ્લી, **(૪) કાંતીભાઈ વરદાજી વણઝારા,** રહે.વાત્રક, ઈન્દીરાનગર, તા.બાયડ, જી.અરવલ્લી, **(૫) મંથનકુમાર ચિમનભાઈ પટેલ,** રહે.બાયડ, ઉમા કોલ્ડ સ્ટોરેજ, તા.બાયડ, જી.અરવલ્લી, **(૬) અલ્પેશભાઈ રમેશભાઈ ઠાકોર,** રહે.દખણેશ્વર, તા.બાયડ, જી.અરવલ્લી, **(૭) અપીયો ઉર્ફે શાંતિલાલ વિરાજી મારવાડી,** રહે.બાયડ, ભુખેલ રોડ, તા.બાયડ, જિ.અરવલ્લી તથા **સેશન્સ કેસ નં.૨૩/૧૯** ના આરોપીઓ **(૧) જીતુભાઈ ગુણવંતભાઈ બારોટ,** રહે.બાયડ, ગોકુલેશ સોસાયટી, તા.બાયડ, જી.અરવલ્લી, **(૨) બળવંતભાઈ બાલુભાઈ પરમાર,** રહે.વાલાની મુવાડી, તા.બાયડ, જી.અરવલ્લી નાઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમઃ- ૨૩૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમઃ- ભારતીય દંડ સંહિતાની કલમઃ- ૩૯૫, ૩૬૪(ક), ૩૬૮, ૩૮૬, ૧૨૦બી મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીઓએ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૪૩૭(એ) અન્વયે અપીલ થયે અપીલના કામમાં હાજર રહેવા માટે રૂા. ૨૫,૦૦૦/- ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા છ માસ સુધીના આપવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામના મુદ્દામાલ વાહનો અને મોબાઈલ અંગે કરવામાં આવેલ વચગાળાના હુકમ કાયમ રાખવામાં આવે છે. જો કોઈ હુકમ ન હોય, તો મુદ્દામાલના વાહન અને મોબાઈલની માલીકની ખરાઈ કરી અપીલ સમય બાદ પરત સોપવાનો હુકમ કરવામાં આવે છે તથા બિન કિંમતી મુદ્દામાલનો અપીલ સમયબાદ નિયમોનુસાર નાશ કરવાનો હુકમ કરવાનો હુકમ કરવામા આવે છે.

સદર હુકમની એક નકલ સેશન્સ કેસ નં.૨૩/૨૦૧૯ ના કામે સામેલ રાખવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તારીખ ૩૦[મી] માહે જુલાઇ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦-૦૭-૨૦૨૬.
સ્થળ : મોડાસા.

**(સુનિલ મનહરભાઈ કામદાર)**
બીજા એડી. સેસન્સ જજ,
અરવલ્લી @ મોડાસા.
GJ 00984.